R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-23 • ISSUE: 18 DATE: 03-05-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-



## સાઉથ કોરીયા ખાતે એક ફેરી પેસેન્જર બોટ ડુબી જતાં અનેક લોકોના મરણ થયા હતા

સાઉથ કોરીયા ખાતે એક ફેરી પેસેન્જર બોટ ડુબી જતાં અનેક લોકોના મોત થયા હતા.જેમાંથી ૧૮૩ જેટલા શબો મળી આવ્યા હતા. હજુ પણ ૧૧૯ જેટલા લોકો લાપત્તા છે.કેટલાક કુટુંબીજનોને સત્તાવાળાઓ તરફથી શબની સોપણી કરવામા આવી હતી અને તેની દફનવિધિ પણ કરી દેવાઈ હતી,જેમાં પાછળથી ભુલથી અન્યના શબો અપાઈ દેવાયા હોવાનું જાણવા મળ્યુ હતું. એક છોકરીના પિતા પેક યંગ વુને કોસ્ટ ગાર્ડ તરફથી સુચના અપાઈ હતી કે તેમની દિકરીનું શબ મળી આવ્યું છે.અને તેને દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યું છે. પરંતુ જ્યારે આ પિતા હોસ્પીટલમાં તપાસ કરી હતી ત્યારે તેમને ખબર પડી હતી કે જે શબ મળ્યું હતું તે તેમની દીકરીનું નહોતું.આ દુર્ઘટનાની અસરો એટલી વ્યાપક બની હતી કે આ દેશના વડાપ્રધાનને રાજીનામું આપવું પડ્યું હતું.તાજેતરમાં બનેલી આ મોટી દુર્ઘટના હતી.

## ૨૦૧૩માં ભારતના દસ રાજ્યોમાં સૌથી વધુ ખ્રિસ્તીઓની સતાવણી થઇ હતી

તાજેતરમાં મુંબઈ સ્થિત એક કેથોલીક સોશ્યલ ફોરમ (સીએસએફ) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ રીપોર્ટમાં જણાવાયું હતું કે ભારતના કુલ રાજ્યો પૈકીના ૧૦ રાજ્યોમાં ખ્રિસ્તીઓની વધુ સતાવણી થઈ હતી.કર્ણાટક રાજ્ય આ રાજયોમાં સહુ પ્રથમ સ્થાન રહ્યું હતું.સરકાર બદલાવા છતાં આ રાજ્યમાં સતાવણીનો ક્રમાંક ઘટ્યો નહોતો.કર્ણાટકમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ ૪૩ કેસો નોધાયા હતા.જેમાં હિંસક હુમલાઓ સામેલ છે.કુલ દેશમાં નોધાયેલ હુમલાઓ ૨૦૦ પૈકી કર્ણાટક રાજયમાં ૪૩ નોધાયા હતા.બીજા ક્રમે મહારાષ્ટ્ર આવે છે. નવી હિંદુ પ્રયોગશાળા તરીકે જેનું નામ લેવાય છે તે મહારાષ્ટ્ર રાજ્યમાં ૨૫ બનાવો નોધાયા હતા.આંધ્ર પ્રદેશમાં ૨૫ કેસો અને ઓડીસામાં ૧૪ કેસો મુખ્યત્વે મોખરે હતા.

આ રીપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો તે બુકનું શિર્ષક "ધ સીએસએફ ઈન્ડીયા રીપોર્ટ ઓન ક્રિશ્ચિયન પર્સીક્યુશન ૨૦૧૩" આપવામાં આવ્યું હતું.જેના લેખક તરીકે જોસેફ ડાયસ,જનરલ સેક્રટરી, સીએસએફ છે જેમણે આ તમામ હુમલાઓ અંગેની વિગતો પ્રકાશમાં મુકી છે.આ આકસ્મિક હુમલાઓ નથી પરંતુ ચોક્કસ હેતુથી યોજનાબધ્ધ કરવામાં આવેલ હુમલાઓ છે.અને કોઈ સંસ્થાએ ધ્યેય પુર્વક કરાયા હોવાનું મનાય છે.રીપોર્ટમાં જણાવ્યા મુજબ કેટલાક હુમલાઓ નોધવામાં આવ્યા નથી તેની પાછળ કેટલાક કારણો પણ છે.

જે ૧૦ રાજ્યોમાં ખ્રિસ્તીઓ પર હિંસક હુમલાઓ કરવામાં આવ્યા તે નીચે મુજબ છે. ૧. કર્ણાટક (૪૩), ૨.મહારાષ્ટ્ર (૨૫),૩. આંધ્ર પ્રદેશ (૨૫) ,૪. ઓડીસા (૧૪), ૫.છત્તીસગઢ (૧૩), ૬.મધ્યપ્રદેશ (૧૧),૭.તામીલનાડુ (૧૦) ૮.કેરાલા (૧૦),૯.રાજસ્થાન (૬), ૧૦.ન્યુ દિલ્હી (૫)

ભારતભરમાં કુલ ૨૦૦ જેટલા હિંસક હુમલાઓ ખ્રિસ્તીઓ પર ૧૯ રાજયોમાં કરવામાં આવ્યા.જેમાં ખુન,બળાત્કાર અને અપમાન,ધરપકડ અને જેલવાસ માત્ર ખ્રિસ્તી આસ્થાને વિશ્વાસને કારણે થયા છે.બીજા

અનુ. પાન નં. ૨ ઉપર




## પાકિસ્તાનમાં ધર્મપરિવર્તન કરવાની મનાઇ કરતાં ખ્રિસ્તી યુવકની હત્યા

પાકિસ્તાનમાં કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તી યુવકને ઈસ્લામ ધર્મનો અંગીકાર કરવાની જબરજસ્તી કરવા છતાં ધર્મ પરિવર્તનની મનાઈ કરતાં ખ્રિસ્તી યુવકને ઠાર મારવામાં આવ્યો હતો. આ ખ્રિસ્તી યુવકનું નામ હારુન હતું જે ૨૨ વર્ષનો હતો.એડવોકેસી ગ્રુપ,સેન્ટર ફોર લીગલ એઈડ એન્ડ સેટલમેન્ટ ઈન ધ યુકે, તરફથી પ્રસારિત કરેલ સમાચાર મુજબ, હારુને તાજેતરમાં લાહોર ખાતે રોડ સ્વીપર તરીકે કામ કરવાનું શરુ કર્યું હતું.જ્યાં તે મુસ્લીમ સીક્યુરીટી ગાર્ડ ઉમર ફારુક સાથે કાર્ય કરી રહ્યો હતો.ફારુક હારુનને તેના ખ્રિસ્તી વિશ્વાસને રોજબરોજ ટકોરતો હતો.અને તેને ઈસ્લામ ધર્મ કબુલ કરી ખ્રિસ્તી ધર્મને તિલાજંલી આપવા માટે દબાણ કરતો હતો.તે હારુનને સમજાવતો પણ હતો કે તે એક સુંદર યુવાન છે અને તેણે ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરવો જોઈએ.ફારુકે હારુનને સારુ જીવન જીવવા માટે અને સુંદર મુસ્લીમ યુવતી સાથે લગ્ન કરાવવાનું વચન પણ આપ્યું હતું.પરંતુ હારુને આ બાબતને જરાયે પણ દરકાર લીધી નહોતી.અને ધર્મ પરિવર્તન કરવાનો નકાર કર્યો હતો.

જ્યારે હારુને આ બધી બાબતો અંગેની વાત તેના પિતાને કરી,ત્યારે પિતાએ હારુનને સલાહ આપી હતી કે આ બધી બાબતો ઉપર વિચાર કરવો નહી.એપ્રિલ ૧૬,૨૦૧૪ના રોજ હારુન કામ પર ગયો અને ફારુકે ફરીથી તેને ધર્મ પરિવર્તન કરવાની વાત કરી અને ખુબ દબાણ પણ કર્યું.હારુને ફારુકને ખુબજ નમ્રતાથી કહ્યું હતું કે શા માટે તે તેના પર ધર્મપરિવર્તન કરવા માટે દબાણ કરી છે.હારુને આ દબાણને નકારતા પોતાનો વિચાર જણાવ્યો કે તે કોઈપણ સંજોગોમાં ધર્મ પરિવર્તન કરશે નહી.તે માત્ર ઈસુ ખ્રિસ્તનો અનુયાયી બની ને જ રહેવા માંગે છે.આ બાબત સાંભળીને ફારુકે હારુનને માથામાં ગોળી મારી દીધી હતી.અને હારુનનું સ્થળ પર જ મોત થયું હતું.ત્યાર બાદ ફારુકે બુમો પાડી હતી કે હારુને આત્મહત્યા કરી છે.

## ગુજરાતના મુખ્યમંત્રી સામે જાસુસી કાંડમાં તપાસ સમિતિની રચના

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી વિરુધ્ધ કેન્દ્ર સરકારે કથિત મહિલા જાસુસીકાંડમાં તપાસ માટે વિશેષ તપાસ સમિતિની રચના કરવાની જાહેરાત કરી છે.ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે અને કાયદા મંત્રી કપિલ સિબ્બલે જણાવ્યું હતું કે ગુજરાતમાં મહિલા જાસુસીકાંડમાં તપાસ માટે ન્યાયિક તપાસ સમિતિની રચના કરાશે.ગૃહમંત્રીના જણાવ્યા પ્રમાણે સરકારે ચાર માસ પહેલાં જ આ સમિતિ રચવાનો નિર્ણય કર્યો હતો.પરંતુ તે સમયે જજ ન મળવાને કારણે અમલીકરણ થયું નહોતું.કેબિનેટ દ્વારા જાસુસીકાંડમાં તપાસનો નિર્ણય લઈ લેવામાં આવ્યો છે.૧૬ મે પહેલા આ સમિતિની રચના કરવામાં આવશે.હાલમાં આ નિમણુંકમાં કોઈ આચારસંહિતાનો ભંગ થતો નથી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ચુંટણીના મુખ્ય તબક્કાઓ લગભગ પસાર થઈ ચુક્યા છે.આપણે હવે છેલ્લા તબક્કામાં આવી ગયા છે અને ત્યારબાદ પંદર દિવસ બાદ ચુંટણીના પરિણામો આવી જશે.કેન્દ્રની યુપીએ સરકારે ગુજરાતની લોકસભાની ચુંટણીઓ પુરી થતાની વેત જ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિરુધ્ધ એક મહિલાની જાસુસી કરવાના મુદ્દે તપાસ નીમી દીધી છે.તપાસ કરનાર કમિટિના અધ્યક્ષપદે ચાલુ કોઈ ન્યાયમુર્તિની પસંદગી થનાર છે.ગમે તે રીતે ચુંટણીની વેતરણી પાર કરી જવાની સહુ કોઈની મનશા છે.ભાજપાને કોઈપણ રીતે સત્તા મેળવવી છે અને અન્યોને મોદીને સત્તા પર આવતા રોકવાના છે. કોના કુકા ચાલે છે તે હવે પછીની રમતમાં જોવા મળશે.

હજુ યુપીની કેટલીક સીટોની ચુંટણી બાકી છે.બનારસમાં ચુંટણી જંગમાં બધાજ લોકો મોદીને જીતાડવા અને હરિફો હરાવવા કમર કસી રહ્યા છે.વડોદરાના ચુંટણીમાં ભારે મતદાન એવું બતાવે છે કે મોદીની તરફેણમાં મતદાન થયું છે એટલે વડોદરામાંથી તેમની સીટ પાકી લાગે છે.હવે બનારસની સીટમાં કેમ થાય છે તે જોવાનું રહ્યું. ગુજરાત કરતાં યુપીનુ રાજકારણ વધારે ગુંચવણભર્યું છે. અહીયાં માયાવતી,મુલાયમસિંહ,કોગ્રેસ,આમ આદમી અને અપક્ષો વચ્ચે ભારે રસાકસીનો જંગ થશે. હારજીત નજીવા માર્જીનથી થશે અને યુપીની ચુંટણીઓ હિંસક પણ બની શકે છે.

ખેર,ભારત દેશ માટે હવેનો સમય ભારે મુશ્કેલ છે.અનેક ભારે અને ગંભીર પરિસ્થિતિનો સામનો કરવાનો છે.જો કોઈ પક્ષને સરકાર રચવા જેટલી બહુમતી ના મળે તો પાછો શંભુમેળાની સરકાર પ્રજાને માથે પડશે.અને સાંસદોની જાહોજલાલી વધી જશે. તેમના ભાવો કરોડોમાં બોલાશે.પ્રજામત શું નિકળે છે તેના પર દેશના ભાવિનો આધાર રહેલો છે.આમ આદમી પક્ષ શરુઆતના તબક્કામાં કેટલું ગજુ કાઢી શકે છે તે આ ચુંટણીઓમાં નક્કી થઈ જશે.અને સ્થાનિક પક્ષો પોતાની કેટલી તાકાત સંગઠિત કરી છે તે પણ જોવાશે.

અનુ. પાન નં. ૧ નું ચાલુ (ખ્રિસ્તીઓની સતાવણી )

કેટલાક રાજ્યોમાં સતાવણી ખુબજ ઉગ્ર આકાર લઈ રહી છે તેમા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ,ઝારખંડ,જમ્મુ અને કાશ્મીર, વેસ્ટ બેંગાલ, ગુજરાત,મણીપુર,ત્રીપુરા અને આસામ મુખ્યત્વે છે.આ રીપોર્ટના આધારે તમામ સત્તાવાળાઓને વિનંતી કરાઈ છે તેઓ ખ્રિસ્તીઓની થતી હેરાનગતિ કે સતાવણીને રોકવા માટે અસરકારક પગલાં ભરે.

## મોદીને જીતાડવા વારાણસી તરફ થઇ રહેલ ધસારો

ભાજપના કાર્યકરોના ટોળાં મોટી સંખ્યામાં ઉત્તરપ્રદેશની વારણસી નગરી ભણી રવાના થઈ રહ્યા છે.આ સીટ પરથી ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર મોદી ચુંટણી લડી રહ્યા છે.સૌથી વધુ ફાયદો વિમાની સેવાને મળ્યો છે.તેમણે ભાડના દરો એકદમ વધારી દીધા છે.ટ્રેનોમાં પણ બુકીગ ફુલ છે. વેકેશનની સીઝનમાં ટીકીટો ઉપલબ્ધ થતી નથી.ઉત્તર ભારતીયો વતન ભણી જવા ધસારો કરી રહ્યા છે ત્યારે ભાજપના કાર્યકરો પણ ટ્રેનોમાં ટીકીટો લેવા પડાપડી કરી રહ્યા છ.ટ્રેનની ટીકીટોના બુકીગ એજન્ટોની ધીકેળા થઈ રહ્યા છે.ટીકીટોના કાળા બજાર થઈ રહ્યા હોવાના સમાચારો વહેતા થયા છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## સીરીયાના ચર્ચ લીડરોએ લડાઇ સમાપ્ત કરવા માટે વિનંતી કરી




પેટ્રીએચ ગ્રીગોરીસ દ્રીતીયનું હદય દેશના બાળકોના દુઃખે ભંગિત થઈ ગયું છે.સીરીયાના કેથોલીક લીડરોએ ઈન્ટરનેશનલ સમુદાયની મદદ માટે અપીલ કરી છે.તેમણે કરેલ અપીલમાં કેવી રીતે એક બાળકનું મોત નિપજ્યું અને ૬૦ બાળકો ઈજાગ્રસ્ત બન્યા.જયારે એક બોંબ સ્કુલ કંમ્પાઉન્ડમાં આવેલ રમતના મેદાન પર પડ્યો.દમાસ્કસ ઉપર થતા હુમલાઓમાંનો આ એક હુમલો પૈકીનો બોંબ હતો. મીલકાઈટ ગ્રીક કેથોલીક પેટ્રીએચ ગ્રીગોરીસ ત્રીતીયના રીપોર્ટ પ્રમાણે કેટલાક બાળકોના જીવન આ બોબ બ્લાસ્ટમાં બદલાઈ ગયાં.બોબ બ્લાસ્ટના કારણે જે ઈજાઓ થઈ તેના કારણે તેમના જીવનોમાં બદલાવ આવી ગયો.જ્યારે તેઓ સીરીય નેશનલ એન્થન ગાઈ રહ્યા હતા ત્યારે આ બ્લાસ્ટ થયો.આ આર્મેનીયન કેથોલીક સ્કુલ દમાસ્કસના જુના સીટીમાં આવેલ છે.

બાળકોને થયેલ ઈજાઓમાં મોઢા ઉપર,છાતી ઉપર,આંખો પર,પેટ પર ધાવ થયા હતા.બીજો એક બોબ બ્લાસ્ટ દમાસ્કસમાં થયો તેમાં પણ દસ બાળકો ઈજા પામ્યા હતા.જે પૈકી એક સેટ અબ્રાહમ મીલકાઈટ ચર્ચના આગળ થયો હતો. અને બીજો સબુરબ ઓફ ડીએલમાં થયો હતો.જરમાનામાં ૪૦ જેટલા બોંબ શેલ ૪૮ કલાકમાં પડ્યા હતા.કેથોલીક ચેરીટી એઈડ્સ ટુ ધ ચર્ચ ઈન નિડમાં મોકલાવાયેલ રીપોર્ટમાં જણાવાયું હતું કે ૧૫મી એપ્રિલે થયેલ હુમલાના ધવાયેલ લોકોના,બાળકોના રુદન, ડુસકા, આંસુઓ,અને સીરીયાના બાળકોની પ્રાર્થનાઓ દુનિયાએ સાંભળી હશે.ધ પેટ્રીએચ, કે જેઓ પ્રેસિડન્ટ, એસેમ્બલી ઓફ કેથોલીક બિશપ્સ,ઈન સીરીયા છે તેમણે કહ્યું હતું કે આ યુધ્ધનો શો અર્થ છે.આ પ્રકારનો બદલો લેવાનો શો અર્થ છે.તે સમજાતું નથી.આ લડાઈ બંધ થવી જોઈએ અને શાંતિ સ્થપાવવી જોઈએ.



વેટીકનમાં પોપ ફ્રાંસિસે ઈસ્ટર પર્વની શાનદાર ઉજવણી કરી તે વેળાની તસવીર

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

# સાઉથ સુદાનના ચર્ચ લિડરોએ ચાલી રહેલ હિંસાચારનો વિરોધ કર્યો

સાઉથ સુદાનના ચર્ચ લીડરોએ તેમને ત્યાં ચાલી રહેલ હિંસાચાર બાબતે દુ:ખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમના દેશમાં હિંસાનો માર્ગ છોડીને લોકો શાંતિ સ્થાપવા પ્રયત્ન કરે તે જરુરી છે.સાઉથ સુદાન કાઉન્સીલ ઓફ ચર્ચીસ દ્વારા સરકારને એક પત્ર આ બાબતે લખાયો હતો અને તેમાં હાલની ગંભીર પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની કથળી ગયેલ સ્થિતિમાં સામાન્ય નાગરિકની સલામતી બાબતે ગંભીર પગલાં લેવા ભલામણ કરી હતી.

પ્રેસિડેન્ટ સલવા કીર અને ભુતપુર્વ ડેપ્યુટી રીક મેચરના ટેકેદારો વચ્ચે સત્તા માટે ફાટી નિકળેલ હિંસાચારમાં ૫૦૦ થી વધુ લોકો હિંસાનો ભોગ બન્યા હતા.સરકાર દ્વારા શાંતિ સ્થાપવાના કોઈ પ્રયત્ન ફળ્યા નથી.૨૦૧૧માં સુદાનને સ્વતંત્ર જાહેર કર્યા બાદ રાજકીય અસ્થિરતા દેશમાં વ્યાપી ગઈ છે. બે જુથો સત્તા માટે વર્ષોથી સંઘર્ષ કરી રહ્યા છે.મીડીયા રીપોર્ટમાં જણાવાયું છે કે દેશ જાતિવાદી લડાઈમાં ખુંપી ગયો છે.પ્રેસિડેન્ટ ધિન્કા ના સિપાઈઓ નુરના ટેકેદારોને શસ્ત્ર વગરના કરવા ઝુંબેશ ચલાવી રહ્યા છે.પરંતુ આર્મીના મુખ્ય મથક પર હુમલા થઈ રહ્યા છે.હિંસાચાર સમગ્ર દેશમાં વ્યાપી ગયો છે.અને સરકારે સ્વીકારી લીધું છે કે તેમના હાથમાંથી કંન્ટ્રોલ જતો રહ્યો છે.જેથી હજારો લોકો યુએન બેઝમાં શરણાર્થી તરીકે ચાલ્યા જવાનું સ્વીકાર્યું છે.

પત્રમાં લખવામાં આવ્યું છે તે મુજબ આ લડાઈ એ વર્ગ વિગ્રહની કે જાતિ જાતિ વિરુધ્ધની નથી પરંતુ આ તો રાજકીય સત્તા મેળવવાની લડાઈ છે.રાજકીય મતભેદને કારણે આ લડાઈ ચાલી રહી છે.સુદાન પીપલ્સ લીબ્રેશન મુવમેન્ટ પાર્ટી અને પોલીટીકલ લીડર્સ, રીપબ્લીક ઓફ સાઉથ સુદાન વચ્ચે છે.ચર્ચના નેતાઓએ ધિન્કા અને નુરના સભ્યોને જણાવ્યું છે કે તેઓ આ વાતનો સ્વીકાર ના કરે કે આ લડાઈ વર્ગ વિગ્રહ કે જાતિ જાતિ વિરુધ્ધની છે, આ લડાઈ તો રાજકીય છે. પરંતુ તેને જાતિ જાતિની લડાઈ કહીને અલગ રુપ આપવાનો પ્રયત્ન્ થઈ રહ્યો છે. આ પત્ર માં સહી કરનાર આર્ચબિશપ ડેનીયલ ડેન્ટ બુલે અપીલ કરી છે કે સરકાર સામાન્ય નાગરિકોનું રક્ષણ કરે અને નિર્દોષ લોકોની હત્યા થતી અટકાવે.

જાતિના આધારે વ્યક્તિગત થતી સતાવણી,પજવણી,હિંસાને રોકવામાં આવે,અમો આવા કૃત્યને વખોડીએ છીએ અને હજુ આશા રાખીએ છીએ કે વધુ માનવજીવન નષ્ટ થતા અટકાવવામાં આવે.ચર્ચ નેતાઓ ન્યાય માટે પોકાર કરી રહ્યા છે.બેઉ રાજકીય પક્ષો વચ્ચે સમાધાન થાય,તેમજ ઈન્ટરનેશનલ સમુદાય આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે અને પગલાં ભરે.અમો રાજકીય નેતાઓ દ્વારા ધિક્કારાત્મક અને હિંસા ફેલાવે તેવા ભાષણો નહી કરવા માટે વિનંતી કરીએ છીએ તેમજ બેઉ પક્ષોના લોકો વચ્ચે વાટાઘાટો યોજાય અને ઝડપથી શાંતિ સ્થપાય તેવું ઈચ્છીએ છીએ.

આ શાંતિ અપીલ વર્લ્ડ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ની સેન્ટ્રલ કમિટિની ચુંટણીમાં નવા મોડરેટર ચુંટાયા બાદ તરત જ કરવામાં આવી હતી.જેમાં સાઉથ સુદાનની સરકારને જે જણાવવામાં આવ્યુ હતું કે નેલ્સન મંડેલા દ્વારા સ્થાપવામાં આવેલ સિધ્ધાંન્તોને ઉજાગર કરવામાં આવે અને હિંસાનો ત્યાગ કરવામાં આવે.જ્યારે આપણે નેલ્સન મંડેલાને હમણાં જ કાયમની શાંતિ માટે કબરમાં સુવડાવ્યા છે અને આપણે તેમના જીવન દ્વારા માફી આપવાની પ્રક્રિયાની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આપણે સુઝબુઝથી સમાધાન કરીએ,ન્યાયની સ્થાપના કરીએ,સ્વાતંત્રતાની સ્થાપના કરીએ,અને સાઉથ સુદાનને એક દાખલા તરીકે બનાવીએ એવુ ડો આગ્નોસ એબુઓમે જણાવ્યું હતું.સાઉથ સુદાનને તેના વિકાસ માટે હજુ ઘણુ બધુ કરવાનું બાકી છે.લોકશાહીની સ્થાપના કરવાની છે. તે પાર પાડીએ.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨<br>શ્રી હેલ્ફર્સ એલેન્દી,<br>વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨<br>શ્રી પાઉલભાઈ એ. પરમાર,<br>૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |

# વફાદારી અને નિષ્ઠા મુલ્યો પ્રત્યે હોવી જોઇએ

હસમુખ પટેલ

કોમનમેનને પ્રાણી સાથે સબંધ છે કારણ માણસ પણ બેપગું પ્રાણી છે.કોમનમેનને ગધેડા જેવો છે.એમ ક્યારેક કહેવામાં આવે છે.કાગડાની જેમ કા....કા... કરે છે.હાથીની જેમ ચાલે છે.ગધેડાની જેમ વૈતરુ કરે છે.ગાય જેવો ગરીબ છ. પાડાની જેમ પડી રહે છે.કે ભેંસ જેવી જાડી છે. આમ વિચિત્ર પ્રાણી સાથેના આવા સબંધથી કોમનમેનનું હુબહુ વર્ણન કરીને ઘણા લેખકો નામના પામ્યા હશે.સમગ્ર પ્રાણીસૃષ્ટિ વિશે વાત કરવાને બદલે આજે તો માત્ર કુતરાની વાત કરવી છે.ગુરુ દત્તાત્રયે કુતરાને ગુરુ તરીકે સ્વીકારેલ તેનુ કારણ તેની સ્વામિભક્તિ હતી. આજે તો ચાંપલુસી, મસ્કાબાજી કે ફેલટરી જેવા શબ્દો વાપરીને સ્વામી ભક્તિ કે શ્વાનવૃત્તિનું અપમાન કરવામાં આવે છે. તમેજ કહો કે ગુરુ દત્તાત્રયે જે વફાદારી માટે શ્વાનને ગુરુપદે સ્થાપ્યા તેવી વફાદારી માટે માણસે ગાળ ખાવાની ? આ તે ક્યાંનો ન્યાય ?

કાગડા બધે કાળા એવી કહેવત છે તેમ. શ્વાન બધે શાણા. એમ કહી શકાય.કારણકે શ્વાન પુંછડી પટપટાવીને દુશ્મનને ભસીને, માલિકને ચાટીને,લળી લળીને મીઠા સ્પર્શથી માલિકને રીઝવવા માટે પ્રયત્ન કરે છે.પોતાની વફાદારી પ્રગટ કરે છે. અને પોતાના શાણપણ દ્વારા માલિક પ્રત્યે નિષ્ઠા વફાદારી પ્રકટ કરે છે.કોમનમેન પણ આમ જ કરે તો તેને વખોડવાની વાત કરતાં લોકો લાજતા નથી.વફાદારી માણસને સૌથી મહાન ગુણ છે. એને પ્રકટ કરતાં રહેવામાં શાણપણ છે.આથી જ પોતાના નેતાની હાજરીમાં તેને જયજયકાર કરવાનો વણલખ્યો નિયમ તમામ પક્ષોના કાર્યકરો-નેતાઓ પાળે છે.ધર્મના વડાનો પણ એજ રીતે જયજયકાર કરવામાં આવે છે.પક્ષોના અધિવેશન દરમ્યાન નેતાઓના જયજયકાર કરે છે.આવો જયજયકાર એ વફાદારીના ઉદ્ઘોષ છે. એ વખાણવાપાત્ર છે, વખોડવા પાત્ર નથી.માટે જ શ્વાન જેવી સ્વામી ભક્તિ કે વફાદારી કોમનમેનનો બંધારણીય અધિકાર છે.

અમદાવાદ શહેરના ઈતિહાસમાં પણ શ્વાન સાથે સબંધ છે.જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા.અમદાવાદ શહેરના શ્વાન સસલા જેવા નબળા પ્રાણીથી ડરતા હતા.આ ભુમિનું પાણી મજબુત માનવીઓ પેદા કરશે એમ માની બાદશાહે અહમદાબાદ વસાવ્યું. અમદાવાદનો કોમનમેન એ જમાનાાં શ્વાન જેવો જ ડરતો રહે છે.વફાદાર રહે છે.બાદશાહની ઈચ્છા ઝાઝી બર આવીનથી.એકહીશકાય. પોરબંદરના ` વાણીયો નામે મોહનદાસ કરમચંદ ગાંધી અહીં અમદાવાદ આવી વસ્યો એની પાછળનું ગંભીર કારણ ઈતિહાસે નોધ્યું નથી.અમદાવાદની જનતાની શ્વાનવૃત્તિ-વફાદારી ઉર્ફે શ્વાનદારી ધન્ય છે. ગાંધીજીની ગુણગ્રાહી વૃત્તિને.

લાંચ-રુશ્વત એ વૈશ્વીક વ્યવહાર છે.આ વ્યવહાર માણસ-માણસ વચ્ચેના સબંધનો હોવા છતાં, શ્વાનને ભાંડવામાં આવે છે.પોતાનુ કામ કઢાવવા કોઈ લાંચ આપે અને અમલદાર લે તે વ્યવહાર થયો. પણ વેપારી પોતાના ચોપડામં આ ખર્ચ કુતરાના રોટલા ખાતે ઉધારે છે.અહીં કુતરાનો કોઈ વાંક ખરો ? વફાદારીના રોટલા તો મળે જ મળે. અમલદાર કામ કરે તે વફાદારીનુ વળતર આપે તે વફાદારી પ્રગટ કરવાનો પ્રકાર છે.ઈન્ડીયન્સ એન્ડ ડોગ્સ આર નોટ એલાવ્ડ એવું બોર્ડ અંગ્રેજોએ પોતાના કલ્બના દરવાજે લટકાવતા.આની પાછળ કદાચ એવું કારણ હોય કે નજીક આવવાથી શ્વાનો કે ઈન્ડીયનોની વફાદારીનો ચેપ લાગે .ઈન્ડીય શ્વાન કે ઈન્ડીયન કરડવાનો ડર પણ કદાચ કારણભુત હશે આ વિશે ઈતિહાસકારોએ સંશોધન કરવા જેવુ ખરું.

જ્યારે વફાદારી કે શ્વાનદારી વિશે વિચાર કરવાનો હોય ત્યારે લગ્નમાં વફાદારીનો અવશ્ય વિચાર આવે. આ બાબતમાં મર્યાદા પુરષોત્તમ રામ એક પત્નીવ્રત પાળનારા આર્દશ પુરુષ હતા.પણ હવે ધીમે ધીમે લગ્ન સંસ્થામાં આ ગુણને આર્દશ ગણવાને બદલે બંધન ગણવાની ફેશન પ્રવર્તે છે.કેટલાક કિસ્સાાં તો ભાદરવા માસે સ્વછંદાચાર કરતા શ્વાન જેવો આચાર કરતાં પુરુષ કે સ્ત્રી સમગ્ર શ્વાન સમાજના સદગુણો પર કલંકની કાલિમા ચોપડે છે. એ શ્વાનદારીના વંશપરંપરાગત વારસાને પણ લાંછન લગાડે છે.નાણા વગરનો નાથીયો. નાણે નાથાલાલ. ની જેમ પુછડી વગનો ડાઘિયો લાગે બાપાલાલ. આમ.બાધા લાગવાનુ કારણ એ કે પુંછડી પટપટાવીને જ વફાદારી દર્શાવી શકાતી હોય છે.પુંછડી પટપટાવવી કે તો સાંકેતિક શબ્દ છે એ માટેના અનેક પ્રકારના હાવભાવ કોમનમેને વફાદારી દર્શાવવા વિકસાવ્યા છે.નોબેલ પુરસ્કાર વિજેતા ગ્રેબ્રિયેલા મિસ્તરોલ નામના કવિયત્રીએ પોતાના પ્રેમીને માટે પ્રાર્થના કરતાં લખ્યુ છે કે હે પ્રભુ, સ્વામીભક્ત કુતરાની જેમ હુ તારા પગ ચાટીશ.કોમનમેન પણ પગ ચાટીને પોતાની વફાદારી સિધ્ધ કરવા તૈયાર હોયછે. કારણ સ્વામી એને માટે પ્રભુનું બીજુ સ્વરુપ હોય છે.

રાજકારણમાં કે નોકરીમાં વફાદારીમાં ગતિશીલતા ગુણ ગણાય છે.આથી જ કહેવાય છે કે ઈન્દ્રાણીને ઈન્દ્રાસન સાથે સબંધ હોય છે.ઈન્દ્ર સાથે નહી.રાજકારણાં પક્ષપલટા કે જુથ પલટા વાસ્તવિક ઘટના છે.સરકારમાં અધિકારીઓ પણ પ્રધાન બદલાય તેમ વફાદારી બદલતા હોય છે.તેમ કરવામાં જ તેમનું ભલુ રહેલું છે. ચેખોવની એક પ્રસિધ્ધ વારતા રખડતા કુતરા વિશે છે.રખડતું કુતરુ કરડવાની ફરિયાદ થતા કુતરાના માલિકની શોધ ચાલે છે.કુતરાનો માલિક કોમનમેન છે.એમ જણાતાં પોલીસ દબડાવે છે.પણ કોઈક કહે છે કે આ કુતરુ તો પોલીસવડાનું છે ત્યારે તે કુતરાને પ્રેમ કરે છે.અને ફરિયાદીને દબડાવે છે.કુતરાના માલિકી વશે જુદી જૂદી માહિતી પ્રમાણે કુતરા પ્રત્યેનું અને ફરિયાદી પ્રત્યેનું પોલીસનું વલણ બદલાય છે.આ પ્રકારની ગતિશીલ વફાદારી કોમનમેનનું લક્ષણ છે.કોમનમેન કંઈ વફાદારીને વફાદાર નથી.પોતાના હિતને વફાદાર છે.સમજ્યા ! કોમનમેનની વફાદારીને અને શ્વાનની સ્વામીભક્તિના સબંધ વિશે આટલી વિશદ ચર્ચા કર્યા પછી હવે શ્વાન વિશેની કેટલીક કહેવતો : દરેક કુતરો પોતાની ગલીમાં સિંહ હોય છે. માનવી અને કુતરાની લડાઈમાં પ્રથમ બટકું ભરવાનો હ્કક કુતરાને છે.દરેક કુતરો સાથે સુવે તેમણે જુ સાથે ઉઠવાની તૈયારી રાખવી. ઘણીવાર સારુ હાડકુ નબળા કુતરાના મોમાં જઈ પડતું હોય છે. બુઢ્ઢા કુતરો નવી ટ્રીકો શીખવાડી શકાતી નથી.ગમાણનો કુતરો નખાય, ન ખાવા દે. મને પ્રેમ કરો, મારા કુતરાને પ્રેમ કરો.

(સૌ. સંદેશ)

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# બુધ્ધિષ્ટ સાધુની આગેવાની હેઠળ શ્રીલંકામાં બે ચર્ચો તોડી પડાયા

બુધ્ધિષ્ટ સાધુની આગેવાની હેઠળ એક ટોળાએ બે સ્વતંત્ર ચર્ચો અને નવા શરુ થઇ રહેલ ચર્ચોને તોડી પાડ્યા હતા. તેમજ ત્યાં કાર્ય કરતાં પાસ્ટરને મારી નાંખવાની ધમકી આપી હતી.આ દરમિયાન શ્રીલંકાની પોલીસે ૨૪ વ્યક્તિઓની આ કેસમાં ઓળખ કરી હતી અને ટોળામાં સામેલ આઠ જેટલા બુધ્ધિષ્ટ સાધુઓની પણ ઓળખ કરીને તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવાનું જણાવેલછે.સાઉથ કોસ્ટલ ટાઉન હીક્કાદુવા ખાતે આ ચર્ચો આવેલ છે.

જો કે આ હુમલામાં કોઇ વ્યક્તિને ઇજા પહોંચી નહોતી,પરંતુ બીબીસી ન્યુઝના જણાવ્યા પ્રમાણે આ બુધ્ધિષ્ટ સાધુઓએ પાદરીને મારી નાંખવાની ધમકી આપી હતી અને ત્યાંથી ચાલ્યા જવા જણાવ્યું હતું.પ્રાઇવેટ ટેલીવીઝન ચેનલ ડીરેના દ્વારા ટેલીકાસ્ટ કરાયેલ વિડીયો ફુટેજમાં જોવા મળ્યું હતું કે બુધ્ધિષ્ટ સાધુઓ સીહાલી ભાષામા ગાળો બોલતા હતા.મિલકત તોડતા હતા અને પથ્થરમારો કરતા હતા જેથી અન્યો ત્યાં આવી ના શકે.ચર્ચના બારી દરવાજા, મ્યુઝીકલ સાધનો તેઓ તોડી ફોડી નાંખ્યા હતા.

સીનીયર પોલીટીશ્યન,વિરોધ પક્ષ, કરુ જયસુર્યા, તરફથી સરકારને આ બાબતે સંપુર્ણ તપાસ કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે આ એક દુઃખદ બનાવ અને હુમલો છે.તેમણે બીબીસીને જણાવ્યું હતું કે સરકારને આ બાબતે તાત્કાલીક પગલાં ભરવા જોઇએ અને ભવિષ્યમાં આવી ઘટના ના બને તેની સંપુર્ણ તકેદારી રાખવી જોઇએ.તેઓએ જણાવ્યું હતું કે તેઓ બુધ્ધિષ્ટ વિચારધારામાં માને છે અને તેઓ એવું પણ માને છે કે તમામ ધર્મોના લોકો એક સાથે શાંતિપુર્વક અહીયા રહેવા જોઇએ.

કેટલાક બુધ્ધિષ્ટ સાધુઓના કહેવા પ્રમાણે કાલવરી ફ્રી ચર્ચ અને એસેમ્બલી ઓફ ગોડ ચર્ચ ગેરકાયદેસર ચાલે છે.જ્યારે પાસ્ટરે કહ્યુ હતુ કે તેમની પાસે સરકાર માન્યતાનો પત્ર છે.પરંતુ તેમને સરકાર તરફથી ચર્ચ બંધ કરવાનો હુકમ પણ મળેલ છે.તેમણે બીબીસીને કહ્યું હતું કે તેઓ પાર્લામેન્ટ એક્ટ મુજબ રજીસ્ટર થયેલ છે.તેઓ કાયદેસર રીતે ખુલેલા ચર્ચો છે.૨૦૦૩માં આજ રીતે હુમલો થયેલ તેમાં પણ હુમલામાં સામેલ બુધ્ધિષ્ટ સાધુઓ પૈકીના કેટલાક આ હુમલામાં પણ સામેલ હતા.તે હુમલામાં તેઓએ મહિલાઓ સાથે પણ અભદ્ર વ્યવહાર કર્યો હતો.જેનો કોર્ટ કેસ હજુ પણ ચાલે છે.કેટલાક કટ્ટરવાદી પરિબળો જેને બુધ્ધિષ્ટ સાધુઓનું સમર્થન છે. એ તેને દેશદાઝ જેવું રુપાળુ નામ આપી દેવાયું છે તે પૈકીના કેટલાક સિહાલીઓ સમાજના લોકો આ હુમલાઓ પાછળ જવાબદાર છે.માત્ર તેઓ ખ્રિસ્તીઓ પર જ હુમલા નથી કરતાં પણ અન્ય લઘુમતીઓ જેવાકે મુસ્લીમો પર પણ હુમલાઓ આચરે છે.મુસ્લીમોના વેપાર ધંધાના સ્થળો અને મસ્જીદો પર હુમલા થાય છે.

## જાણવા જેવું !

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.

અમેરીકામાં સ્ટ્રીપ્ટીઝ અને કેબરે જોવા માટે પુરષો કરતાં સ્ત્રીઓ વધારે જાય છે.




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૭૯૧૪૫૧૮૩૬૭


# માણસની નબળાઇ તેનો લોભ છે.તેનો અંત નથી

સંતોષી નર સદા સુખી હોય છે.માણસની ઇચ્છાઓને અનેક પાંખ હોય છે. એને ધરપત રહેતી નથી.સામેના પાસે આટલુ બધું છે તો મારી પાસે કેમ નહીં ?એ એનો મુળભુત પ્રશ્ન હોય છે. તેથી એમ કહેવાય છે કે અજ્ઞાનતા કે અસમજ અસંતોષ પેદા કરે છે.જેનામાં સમજ છે, એ તો માને છે કે કીડીને કણ અને હાથીને મણ.વેદવ્યાસે મહાભારતમાં કહ્યુ છે કે 'અજ્ઞાની અસંતોષી હોય છે. જ્ઞાનવાનોને સંતોષ પ્રાપ્ત થાય છે.અસંતોષનો અંત નથી,સંતોષ જ પરમ સુખ છે, આ સુખને કોણ માણી શકે?જેનામાં સમજ છે, એ એને પામી શકે છે. અસંતોષી હંમેશાં દુઃખી હોય છે'પતંજલિએ યોગસુત્રમાં કહ્યુ છે કે ' સંતોષથી સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. 'સંતોષી માણસ કોઇ પણ પરિસ્થિતિમાં વિચલિત થતો નથી.મહોપનિષદમાં કહ્યુ છે 'જો અપ્રાપ્ત વસ્તુની ચિંતા કરતા નથી અને જે પ્રાપ્ત થયુ છે તેના માટે સમાન રહે છે, જેણે સુખ કે દુઃખ જોયું નથી એ જ સંતોષી કહેવાય છે. જે સુખમાં છકી ના જાય અને દુઃખમાં ભાંગી ન પડે એ જ સંતોષનો ગુણ છે.' મહાભારતના શાંતિ પર્વમાં તો કહ્યુ છે 'માણસના મનમાં સંતોષ હોવો તે સ્વર્ગ પ્રાપ્તિથી પણ વધારે છે. સંતોષ જ સૌથી મોટુ સુખ છે.સંતોષ જો મનમાં ઠીકઠાક સ્થપાઇ જાય તો એનાથી વિશેષ આ સંસારમાં કંઇ જ નથી. સંતોષ જ સુખ લાવે છે.માણસને અતૃપ્તિ બેચેન બનાવે છે.તૃપ્તિ જ સ્વસ્થ રાખે છે, આનંદ આપે છે. 'ભાગવતમાં કહ્યુ છે સંતોષી મનવાળા માટે સદાય બધી જ દીશાઓ સુખમય છે. જેવી રીતે પગરખાં પહેરવાથી કાંકરા અને કાંટાથી દુઃખ થતું નથી,એનાથી બચી જવાય છે. સંતોષ જ આપણા માટે સુખની ચાવી છે.ગુહસ્થીઓએ પણ ધર્મ,અર્થ એ કામ માટે વધારે કષ્ટ ઉઠાવવુ જોઇએ નહીં.જેવો દેશ, જેવો સમય અને જેવુ ભાગ્ય - જે મળી જાય એનાથી સંતોષ માણવો જોઇએ.

સંતોષ એટલે તૃપ્તિ, સમાધાન,સુખ (૨)હોય તેટલાથી રાજી રહેવું તે એવા અર્થ થાય છે.ગૌત્તમ બુધ્ધે કહ્યુ છે 'સંતોષ સૌથી મોટું સુખ છે. અને અસંતોષ સૌથી મોટું દુઃખ છે. તેથી સુખ ઇચ્છનારે હંમેશાં સંતોષી રહેવુ જોઇએ. 'પણ કેટલાંક લોકોને કોઇ પણ બાબતે સંતોષ હોતો નથી. અઢળક ધન મેળવવા છતાં તે અસંતુષ્ટ અને સદાય નિર્ધન છે. ધન ન હોવા છતાં જે સંતોષી છે તે સદાય ધનવાન છે.ધ્યાનરુપી અમૃતના પ્રવાહમાં ડુબેલા ચિત્તવાળાઓને આ પ્રકારનો સંતોષ થઇ જાય છે.એવા લોકોને મોક્ષની પણ ઇચ્છા નથી.જેને કોઇ અપેક્ષા નથી આમ તો એવુંજ કહેવાય છે કે દુઃખોના મુળમાં અપેક્ષાઓ રહેલી છે.

ભાગ્યમાં હોય એનાથી વધારે મળતું નથી.કારણકે બધુંજ ભાગ્યને આધીન છે.તેથી સદાય સંતોષ રાખવો જોઇએ.માણસે શાંતિ જોઇતી હોય તો સંતોષ રાખવો જોઇએ.જેને સંતોષ છે એના માટે આ આખુ જગત એની સંપત્તિ છે.એવા આત્મસંતોષી લોકોને ધન્યવાદ છે કે જેના હાથ જ પવિત્ર પાત્ર છે. જે માણસ જેમાં સંતોષ માને, એજ એના માટે અગત્યનુ હોય છે. પણ માણસની એષણાઓનો પાર નથી. એને ધરપત હોતી નથી.આપણે શું જોઇએ. બે ટાઇમ ખાવાનુ અને માથું ઢાંકવા છાપરુ,એના માટે કેટલા ધમપછાડા કરવા પડે છે ?જેને સંતોષ નથી એ કાયમ માટે દુઃખી રહે છે. જેની તૃષ્ણા મોટી હોય છે એ જ ગરીબ છે.મનનો સંતોષ હોય પછી કોણ ગરીબ અને કોણ ધનવાન.મનનો સંતોષ જ સર્વશ્રેષ્ઠ છે.

માણસની નબળાઇ એટલી છે કે એને કંઇ મળે તો વધારે મેળવવાનો લોભ જાગે છે. માણસના મનનુ એવું છે કે તેનો ઘડો ભરાતો જ નથી. રોજ રોજ ઘડાનુ કદ વધવા માંડે છે.આ દુનિયામાં દાન જેવી બીજી કોઇ ઉત્તમ ક્રિયા નથી.લોભના જેવો બીજો કોઇ શત્રુ નથી.સારા સ્વભાવ જેવુ કોઇ આભુષણ નથી.અને સંતોષ જેવુ બીજુ કોઇ ધન નથી.સંતોષ એ સુખની નિશાની છે. ઇચ્છા આકાશ જેટલી અનંત છે.ઇચ્છાઓનો ક્યારેય અંત નથી.પરિણામે ઇચ્છાઓનુ આકાશ વિસ્તરતુ જ રહે છે. એના કારણે માણસ પાસે જે હોય છે તેને પણ તે સુખથી ભોગવી શકતો નથી.એ તો જે કાંઇ મેળવ્યુ છે તેનો ચોકી પહેરો કરે છે.અને બીજુ મેળવવા મથામણ કરે છે.એનો અસંતોષ જ એને ખતમ કરી નાંખે છે.એનો સંતોષ એ જ શ્રેષ્ઠ સુખ છે એ ભોગવી શકતો નથી

ડૉ કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)

## જાણવા જેવું !

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઇ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.